ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ:-02 તા.20-08-2021

## સરદાર વલ્લભાઈ પટેલ આપણા માટે દિવા દાંડી સમાન છે:- શ્રી મનસુખભાઇ માંડવિયા

## હિન્દુસ્તાનની રાજકીય વ્યવસ્થામાં રાજકીય સત્તા જયારે ધર્મ સત્તાની પ્રેરણાથી ચાલે છે ત્યારે રાજયકીય સત્તા સફળ થાય છે:- શ્રી મનસુખભાઇ માંડવિયા

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અખબારી યાદીમાં જણાવે છે કે આજ રોજ કેન્દ્રના આરોગ્ય મંત્રશ્રી ડો. મનસુખભાઈ માંડવીયાજીની જન આશિર્વાદ યાત્રા 11 સ્થળોએ પસાર થઇ છે. જેમા જૂનાગઢથી શરૂઆત થઇ છે જે માખાડીયા, બીલખા, ચાપરાડા, વિસાવદર, ધારી, ચલાલા, સાવરકુંડલા, ક્રકંચ, ગારીયાધાર, પાલીતાણા ખાતે પૂર્ણ થઇ હતી.

આ જન આશિર્વાદ યાત્રામાં કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી ડો. મનસુખભાઈ માંડવીયાજીને મોટી સંખ્યામાં જૂનાગઢના વિવિધ સમાજના લોકો, કિશાન મોરચાના આગેવાનોએ, સાધુ- સંતોએ સન્માન કરી આશિર્વાદ આપ્યા હતા. ત્યાર પછી ડો. મનસુખભાઈ માંડવીયાજીએ ચાપરડા ખાતે મુક્તાનંદ સ્વામીના ચરણે વંદન કરી સંબોધન કરતા જણાવ્યું કે, હિન્દુસ્તાનની રાજકીય વ્યવસ્થામાં રાજકીય સત્તા જયારે ધર્મ સત્તાની પ્રેરણાથી ચાલે છે ત્યારે રાજયકીય સત્તા સફળ થાય છે. ભારતીય જનતા પાર્ટી હંમેશા સંતોને આધીન હોય છે , સંસ્કૃતીને આધિન હોય છે. ધર્મનો આદર કરે છે ભાજપનો કોઇ પણ કાર્યકર હોય તે સંતોને નમે છે વંદન કરે છે. જયારે સત્તાને સમજ અને દિશા આપવાનું કામ ધર્મ કરતું હોય છે. આજે જનતાનું યાત્રામાં જે જન સમર્થન મળ્યો છે લોખોની સંખ્યામાં જયારે જન મેદની ઉત્સાહ પૂર્વક આવે છે અને આશિર્વાદ આપે છે ત્યારે લાગે છે કે ગુજરાત અને દેશની જનતાનો વિશ્વાસ આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ભારતીય જનતા પાર્ટી પર અકબંધછે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી ડો. મનસુખભાઈ માંડવીયાજીએ જણાવ્યું કે, જનતાનો આશિર્વાદ હંમેશા આપણી સાથે રહેવો જોઇએ. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે મંત્રી મંડળનું હમણા વિસ્તરણ કર્યું જેમાં 43 નવા મંત્રીશ્રીઓને સ્થાન આપ્યું છે. આ નવ નીયુકત મંત્રીઓને વડાપ્રધાનશ્રીએ દરેક વર્ગ, સમાજને આવરીને મંત્રી બનાવી દેશના વિકાસ માટે, સમાજના વિકાસ માટે કામ કરવાની તક આપી છે. 27 ઓબીસી સમાજના મંત્રીઓને સ્થાન આપ્યું છે. 20 મંત્રીશ્રીઓ એસી એસટી સમાજના છે,11 મહિલાઓને સ્થાન આપ્યું છે. 14 યુવાનોને પણ સ્થાન આપવામાં આવ્યું છે. કેન્દ્રની સરકાર છેવાડાના માનવીનો વિકાસ કરવા કટીબદ્ધ છે. કેન્દ્રની સરકાર અને ભાજપ "સૌના સાથ સૌના વિકાસ" થી આગળ ચાલી રહ્યુ છે.ગુજરાતની જનતાએ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પર અને ભારતીય જનતા પાર્ટી પર બે વખત વિશ્વાસ મુક્યો. આપ સૌના આશિર્વાદથી બે વખત દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. ટેકસના રૂપિયાનો સદ ઉપયોગ થાય તે માટે સરકાર કામ કરી રહી છે. કોંગ્રેસની સરકારમાં કોઇલા કૌભાંડ, ટુજી સ્પેકટ્રમકૌભાંડો થયા છે. આપણે ગર્વ લેવો જોઇએ કે આદરણીય વડાપ્રધાનશ્રીના  નરેન્દ્રભાઇ મોદી સાહેબના એક પણ મંત્રી પર ભ્રષ્ટાચારનો આક્ષેપ લાગ્યો નથી.

કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી ડો. મનસુખભાઈ માંડવીયાજીએ જણાવ્યું કે દસ કરોડ ખેડૂતોના ખાતામાં દર ત્રણ મહિને 2 હજાર રૂપિયા સિધા જમા થાય છે. કોઇ વચેટીયો સરકાર નથી રાખતી. મોદી સાહેબે હંમેશા ખેડૂતોના હીત માટે કામ કર્યુ છે. ખેડૂતોના દેવા માફ કર્યા છે સરકારે. ખેડૂતોને 0 ટકા ધિરાણે આજે રૂપિયા મંડળીમાંથી મળે છે. આ વ્યાજ ગુજરાત અને ભારત સરકર ભરી ખેડૂતોને મદદ કરે છે. ખેડૂતોને એમએસપી અંગે થતા ફાયદા જણાવ્યા. કૃષિ કાયદાના વિરોધ અંગે પણ ડો મનસુખભાઈ માંડવીયાજીએ જણાવ્યું કે કે ખેડૂતો કરાર આધારીત ખેતી કરે તો તેમની જમીન તેમા સામેલ કરવી નહી  તે નીર્ણય ખેડૂતોના હિતમાં જ છે પરંતુ વિરોધ પક્ષ રાજનીતી કરી રહી  છે. વિરોધ પક્ષ વિરોધ કરે તો ચાલશે પણ જનતાનો આશિર્વાદ અમારી સાથે બની રહેવા જોઇએ તો જનતા માટે કામ કરી શકીશું તેણ જણાવ્યું હતું

કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી ડો. મનસુખભાઈ માંડવીયાજીએ વિસાવદર ખાતે જણાવ્યું કે સરદાર વલ્લભાઈ પટેલ આપણા માટે દિવા દાંડી સમાન છે.સરદાર સાહેબ માં અપાર શક્તિઓ હતી.જ્યારે રાધનપુર ના નવાબ રાધનપુર ને પાકિસ્તાન સાથે જોડાણ કરવાં ના સમાચાર મળતા સરદાર સાહેબ તુરંત નવાબ ને મળી ને રાધનપુર ને ભારત સાથે ભેળવાવ માટે સહી કરવી લીધી હતી.સમાજ જીવન માં નવા મૂલ્યો સ્થાપી શકીએ એવી તાકાત આપણા સમાજમાં રહેલી છે.પહેલા દેશમાં એક દિવસ માં માત્ર 6 કિલોમીટર રોડ બનતા આજે એક દિવસ માં 28 કિલોમીટર રોડ બને  છે.

આ પ્રવાસમાં શ્રી માંડવિયાજી સાથે મંત્રીશ્રી જયેશભાઈ રાદડિયા, પ્રભારી મંત્રીશ્રી હકુભા જાડેજા, સંસાદશ્રી રાજેશભાઈ ચુડાસમા, સંસદશ્રી નારણભાઈ કાછડીયા, એન.સી.યુ.આઈ ચેરમેનશ્રી દિલિપભાઈ સંઘાણી, ધારાસભ્યશ્રી જે.વી કાકડિયા, શ્રી હીરાભાઈ સોલંકી, શ્રી બાવકુભાઈ ઊંધાડ, શ્રી ઉદયભાઈ કાનગડ, શ્રી મહેશભાઈ કસવાલા, શ્રી પ્રશાંતભાઈ કોરાટ, શ્રી કનુંભાઈ ભાલાળા, શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા, શ્રી ભરતભાઈ ડાંગર અમરેલી જિલ્લા પ્રમુખ કૌશિકભાઈ વેકરીયા, શ્રી કિરીટભાઈ પટેલ સહિત આગેવાનો, પદાધિકારીઓ, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)